ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં રાજય કક્ષાએ બોર્ડની પરીક્ષામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રથમ આવતા વિદ્યાર્થીઓને ઇનામ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ-૧૦૨૦૦૬-ન.બા.૨૪-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: -૩-૦૭.
23 MAR 2007

**વંચાણે લીધા :**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦-૬-૨૦૦૦ નો ઠરાવ ક્ર: સશપ-૧૦૨૦૦૦ - ૫૧૫- અ.૧

(૨) સમાજ કલ્યાણ વિભાગના તા.૧૧-૬-૧૯૯૧ ના પત્ર ક્ર: સશપ -૧૧૯૦-ન.બા.૩- અ

**ઠ રા વ ::-**

આમુખ-૧ ના ઠરાવથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડ ની પરીક્ષાઓમાં અનુક્રમે પ્રથમ પાંચ અને પ્રથમ ત્રણ નંબરે આવનાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને ઇનામ આપવાનુ ઠરાવવામાં આવેલ છે. જેમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી. ઇનામની રકમમાં વધારો કરીને નીચે મુજબ પ્રોત્સાહક ઇનામો આપવાનુ નીચેની શરતોને આધીન મંજુર કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ રૂા.૧.૨૫ લાખ (અંકે રુપિયા એક લાખ પચ્ચીસ હજાર પુરા) નો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**રાજય કક્ષાએ ધોરણ-૧૦ માટે :**

| અ.નં. | વિદ્યાર્થીનો મેરીટ ક્રમ | ઇનામોની સંખ્યા | હાલમાં ઇનામની રકમ | વૃધ્ધિબાદ સુધારેલ ઇનામની રકમ. |
|---|---|---|---|---|
| (૧) | પ્રથમ | ૧ | ૩,૦૦૦/- | ૨૫,૦૦૦/- |

→

**રાજય કક્ષાએ ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓ માટે :**

| પ્રવાહ | વિદ્યાર્થીનો મેરીટ ક્રમ | ઇનામોની સંખ્યા | હાલના ઇનામની રકમ રૂ. | વૃધ્ધિબાદ સુધારેલ રકમ રૂ. |
|---|---|---|---|---|
| સામાન્ય પ્રવાહ | પ્રથમ | ૧ | ૪,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| વિજ્ઞાન પ્રવાહ | પ્રથમ | ૧ | ૪,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| વ્યવસાયલક્ષી પ્રવાહ | પ્રથમ | ૧ | ૪,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| ઉ.બુ.પ્રવાહ | પ્રથમ | ૧ | ૪,૦૦૦/- | ૨૫,૦૦૦/- |

૧. આ યોજના અંગેનું ખર્ચ તા.૧-૪-૦૭ થી કરવાનુ રહેશે.
૨. સને:૨૦૦૭-૦૮ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
૩. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
૪. આ અંગેનુ ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

આ અંગેનું ખર્ચ માગણી નં. સદર, ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ, ૦૩- પછાત વર્ગોનું કલ્યાણ- ૨૭૭ શિક્ષણ (૨) બીસીકે-૯૬ ધોરણ-૧૦ અને ૧૨ ની જાહેર પરીક્ષામાં ઉચ્ચ નંબર મેળવનાર વિદ્યાર્થીઓને ઇનામ આપવુ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને સહાયક અનુદાન, તે હેઠળ ઉધારવો અને તે હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનુ રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગની તા.૧૬-૩-૨૦૦૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતી એસ.એ.સેવક )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર
માન.રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સા.શૈ.પ.વર્ગ
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ૪,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર